(8) (iv)

ALKESH I. GANDHI ADVOCATE SURAT


અલકેશ આઇ. ગાંધી
બી.કોમ. એલએલ.બી.
એડવોકેટ
ઠેકાણું : 'અ લેન્ડમાર્ક', ૧/૯૫૬,
પાલિયા સ્ટ્રીટ, નાનપુરા, સુરત.
ફોન નંબર : ०२६१ २४६१९४२

ALKESH I. GANDHI
B.Com. LL.B.
Advocate
Off. : 'A LANDMARK',
1/956, Palia Street, Nanpura,
Surat. Ph. : 0261 2461942


## // ટાઈટલ રિપોર્ટ //

કનૈયાભાઈ માલાભાઈ, રહેવાસી : બી-૨૩-૨૪, ચંદ્રમણિ સોસાયટી, ઉધના - મગદલ્લા રોડ, સુરતનાએ સુરત ડિસ્ટ્રીક્ટ, તાલુકો : ચોર્યાસી (હાલ સુરત સિટી) ના મોજે : વેસુના જૂના રે. સ. નં. ૫૨૪, રી. સર્વે નંબર : ૩૩૬ વાળી સુમારે ૭૭૦૦ ચોરસમીટર ક્ષેત્રફળવાળી બિનખેતીની જમીન, જેને ટી. પી. સ્કીમ નંબર : ૭ (વેસુ-મગદલ્લા) લાગુ પડતા ફા. પ્લોટ નંબર : ૩૯ ફાળવવામાં આવેલો છે તે મુજબ તેનું ક્ષેત્રફળ ૫૬૩૫ સમચોરસમીટર થાય છે તે જમીન અંગે ટાઈટલ રિપોર્ટની મારી કને માગણી કરેલ છે. જેના સમર્થનમાં તેઓએ નીચે મુજબના દસ્તાવેજોની ઝેરોક્ષ નકલ રજૂ કરેલ છે.

(૧) સદરહુ જમીનના ગામ નમૂના નંબર : ૭ / ૧૨ ના ઉતારાની નકલ.

(૨) ગામ નમૂના નંબર : ૬/અ ના ઉતારાની નકલ.

(૩) સદરહુ જમીનને બિનખેતીના હેતુ માટે જુની શરતમાં તબદીલ કરવા અંગે કલેકટરશ્રી સુરતે તેમના હુકમ નંબર : ગણત/રજી. નં. ૧૬૩/૧૧/વશી. ૧૦૨૧૨/૨૦૧૨, તા. ૧૬-૦૧-૨૦૧૩ તથા રીવાઈઝડ હુકમ નંબર : ગણત/૩/વશી/૯૩૯/૨૦૧૩, તા. ૧૫-૧૦-૨૦૧૩ ના રોજ કરેલ હુકમોની નકલ.

(૪) બિનખેતીના હુકમની ઝેરોક્ષ નકલ. (હુકમ ક્રમાંક : એ / બખપ / એસ. આર. નંબર: ૩૭૭/૨૦૧૩ / વશી. ૫૬૩૧ / ૧૩, તા. ૧૬-૧૨-૨૦૧૩).

(૫) સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજૂર કરવામાં આવેલા પ્લાનની ઝેરોક્ષ નકલ.

(૬) સુડા તરફથી આપવામાં આવેલ ઝોનિંગ સર્ટિફીકેટની ઝેરોક્ષ નકલ.

(8) (iv)


અલકેશ આઇ. ગાંધી
બી.કોમ. એલએલ.બી.
એડવોકેટ
ઠેકાણું : 'અ લેન્ડમાર્ક', ૧/૯૫૬, પાલિયા સ્ટ્રીટ, નાનપુરા, સુરત.
ફોન નંબર : ૦૨૬૧ ૨૪૬૧૯૪૨

ALKESH I. GANDHI
B.Com. LL.B.
Advocate
Off. : 'A LANDMARK', 1/956, Palia Street, Nanpura, Surat. Ph. : 0261 2461942


ALKESH I. GANDHI ADVOCATE SURAT

## // ટાઈટલ રિપોર્ટ //

કનૈયાભાઈ માલાભાઈ, રહેવાસી : બી-૨૩-૨૪, ચંદ્રમણિ સોસાયટી, ઉધના - મગદલ્લા રોડ, સુરતનાએ સુરત ડિસ્ટ્રીક્ટ, તાલુકો : ચોર્યાસી (હાલ સુરત સિટી) ના મોજે : વેસુના જૂના રે. સ. નં. ૫૨૪, રી. સર્વે નંબર : ૩૩૬ વાળી સુમારે ૭૭૦૦ ચોરસમીટર ક્ષેત્રફળવાળી બિનખેતીની જમીન, જેને ટી. પી. સ્કીમ નંબર : ૭ (વેસુ-મગદલ્લા) લાગુ પડતા ફા. પ્લોટ નંબર : ૩૯ ફાળવવામાં આવેલો છે તે મુજબ તેનું ક્ષેત્રફળ ૫૬૩૫ સમચોરસમીટર થાય છે તે જમીન અંગે ટાઈટલ રિપોર્ટની મારી કને માગણી કરેલ છે. જેના સમર્થનમાં તેઓએ નીચે મુજબના દસ્તાવેજોની ઝેરોક્ષ નકલ રજૂ કરેલ છે.

(૧) સદરહુ જમીનના ગામ નમૂના નંબર : ૭ / ૧૨ ના ઉતારાની નકલ.

(૨) ગામ નમૂના નંબર : ૬/અ ના ઉતારાની નકલ.

(૩) સદરહુ જમીનને બિનખેતીના હેતુ માટે જુની શરતમાં તબદીલ કરવા અંગે કલેક્ટરશ્રી સુરતે તેમના હુકમ નંબર : ગણત/રજી. નં. ૧૬૩/૧૧/વશી. ૧૦૨૧૨/૨૦૧૨, તા. ૧૬-૦૧-૨૦૧૩ તથા રીવાઈઝડ હુકમ નંબર : ગણત/૩/વશી/૯૩૯/૨૦૧૩, તા. ૧૫-૧૦-૨૦૧૩ ના રોજ કરેલ હુકમોની નકલ.

(૪) બિનખેતીના હુકમની ઝેરોક્ષ નકલ. (હુકમ ક્રમાંક : એ / બખપ / એસ. આર. નંબર: ૩૭૭/૨૦૧૩ / વશી. ૫૬૩૧ / ૧૩, તા. ૧૬-૧૨-૨૦૧૩).

(૫) સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજૂર કરવામાં આવેલા પ્લાનની ઝેરોક્ષ નકલ.

(૬) સુડા તરફથી આપવામાં આવેલ ઝોનિંગ સર્ટિફીકેટની ઝેરોક્ષ નકલ.

(૭) સુડાના પાર્ટ પ્લાનની ઝેરોક્ષ.

(૮) રજી. વે. દ. નં. ૧૬૭, તા. ૧૬-૦૨-૨૦૧૩ ની ઝેરોક્ષ નકલ.

(૯) એજન દસ્તાવેજની રજિસ્ટ્રેશન રસીદ તથા ઈન્ડેક્સની ઝેરોક્ષ.

ઉપરોક્ત દસ્તાવેજોને આધારે મારો ટાઈટલ રિપોર્ટ નીચે મુજબ છે.

સુરત જિલ્લાના તાલુકા ચોર્યાસીના મોજે ગામ : વેસુના રેવન્યૂ સર્વે નંબર : ૫૨૪ વાળી ખેતીની જમીન મૂળ શ્રીમતી બાઈ ફુલી તે પ્રતાપસિંગ જેસીંગની વિધવાનું તા. ૦૮-૦૧-૧૯૩૬ ના રોજ અવસાન થવાથી તેમના વારસદારો પૈકી શ્રીમતી બાઈ મંછા તે હિંમતસિંહ પ્રતાપસિંહની દીકરીનું નામ દાખલ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમૂના નંબર : ૬ યાને હક્ક પત્રકમાં એન્ટ્રી નંબર: ૨૬૬ થી તા. ૩૧-૦૭-૧૯૬૦ ના રોજ દાખલ કરવામાં આવેલા. જે એન્ટ્રી તા. ૦૪-૦૯-૧૯૬૦ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

સદરહુ જમીન જમનાબેન તે બાબરભાઈ ગોવનભાઈની વિધવા વિગેરેના વડવા ગોવનભાઈ પરષોત્તમભાઈ ગણોતીયા તરીકે ખેડતા હતા. તેની નોંધ રેવન્યૂ રેકર્ડમાં એટલે કે પહાણી પત્રકમાં બીજા હક્કમાં કરવામાં આવેલ. તે અંગે ટેનન્સી કાયદાની કલમ - ૩૨ (ગ) મુજબ ટ્રિબ્યૂનલ કોર્ટે વેચાણ કિંમત નક્કી કરી ગણોતીયા ગોવનભાઈ પરષોત્તમભાઈને વેચાણ આપેલ અને તે અંગેના બોજાની નોંધ જમીન માલિકના નામે પહાણી પત્રકના દફતરે બીજા હક્કમાં એન્ટ્રી નંબર : ૩૧૮ થી દાખલ કરવામાં આવેલ અને જેથી મૂળ કબજેદારના આસનેથી જમીન માલિકનું નામ કમી કરી ગોવનભાઈ પરષોત્તમભાઈનું નામ દાખલ કરવામાં આવેલ.

ત્યાર બાદ મજકુર ગોવનભાઈ પરષોત્તમભાઈનું તા. ૦૨-૦૪-૧૯૬૪ ના રોજ મગદલ્લા ગામે ગુજરી જતા મરહુમના સીધી લીટીના વારસદાર તરીકે તેમના પુત્ર બાબરભાઈ ગોવનભાઈ તથા સોમાભાઈ ગોવનભાઈ હતા. પરંતુ સોમાભાઈ ગોવનભાઈનું તા. ૧૯-૧૧-૧૯૭૫ ના રોજ અવસાન થયેલ. તેમને તેમની હયાતિમાં એક વિલ યાને વસીયતનામું કરેલ. જે વિલ યાને વસીયતનામું મે. સુરતના સબ રજિસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર : ૭૫૯૨ થી તા. ૧૯-૧૧-૧૯૭૫ ના રોજ નોંધાયેલ છે અને તે વિલ યાને

વસીયતનામાથી મરહુમ સોમાભાઈ ગોવનભાઈએ તેમના અડધા હિસ્સાના માલિક તેમના ભાઈ બાબરભાઈ ગોવનભાઈને ઠરાવેલા. ત્યારથી સદરહુ આખી જમીનના માલિક, મુખત્યાર અને પ્રત્યક્ષ કબજેદાર તરીકે બાબરભાઈ ગોવનભાઈ એકલા ચાલી આવેલ. જે અંગેની નોંધ ગામ નમૂના નંબર : ૬ યાને હક્ક પત્રકમાં એન્ટ્રી નંબર : ૧૫૦૦ થી તા. ૦૭-૦૯-૧૯૮૯ ના રોજ દાખલ કરવામાં આવેલા. જે એન્ટ્રી તા. ૦૪-૦૯-૧૯૯૦ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યાર બાદ મજકુર બાબરભાઈ ગોવનભાઈનું તા. ૧૧-૧૧-૧૯૯૧ ના રોજ મગદલ્લા ગામે ગુજરી જતા મરહુમના સીધી લીટીના વારસદારો તરીકે (૧) જમનાબેન બાબરભાઈની વિધવા, (૨) ભીખુભાઈ બાબરભાઈ, (૩) અમરતભાઈ બાબરભાઈ, (૪) જશુબેન બાબરભાઈ, (૫) છીમીબેન બાબરભાઈ ચાલી આવેલ. તે પૈકી અનુક્રમ નંબર : ૨ ભીખુભાઈ બાબરભાઈનું તા. ૧૨-૧૦-૨૦૦૨ ના રોજ મગદલ્લા મુકામે અવસાન થયેલ. તેથી તેમના સીધી લીટીના વારસદારો તરીકે (૧) કુસુમબેન તે ભીખુભાઈ બાબરભાઈની પત્ની તથા અનુક્રમ નંબર : ૩ અમરતભાઈ બાબરભાઈ તા. ૦૬-૦૧-૧૯૯૬ ના રોજ મગદલ્લા મુકામે અવસાન થયેલ. તેથી તેમના સીધી લીટીના વારસદાર તરીકે (૧) જશવંતીબેન તે અમરતભાઈ બાબરભાઈની વિધવા, (૨) મનીષકુમાર અમરતભાઈ, (૩) અતુલકુમાર અમરતભાઈ, (૪) મીનાબેન અમરતભાઈના નામો વારસાઈ હક્કે દાખલ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમૂના નંબર : ૬ યાને હક્ક પત્રકમાં એન્ટ્રી નંબર : ૩૫૯૩ થી તા. ૨૮-૦૩-૨૦૦૫ ના રોજ દાખલ કરવામાં આવેલા. જે એન્ટ્રી તા. ૦૧-૦૮-૨૦૦૫ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે. આમ સદરહુ જમીનના માલિક, કબજેદાર તરીકે (૧) જમનાબેન બાબરભાઈની વિધવા, (૨) જશુબેન બાબરભાઈ, (૩) છીમીબેન બાબરભાઈ, (૪) કુસુમબેન તે ભીખુભાઈ બાબરભાઈની પત્ની, (૫) જશવંતીબેન તે અમરતભાઈ બાબરભાઈની વિધવા, (૬) મનીષકુમાર અમરતભાઈ, (૭) અતુલકુમાર અમરતભાઈ, (૮) મીનાબેન અમરતભાઈ ચાલી આવેલ.

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા નંબર: કેવી / ૨૬ / ૨૦૦૬ / એસએમએન / ૯૦ / ૨૦૦૬ / ૪૧૦ / પી., તા. ૧૪-૦૨-૨૦૦૬ તથા જાહેરનામા નંબર : કેવી / ૨૧૨ / ૦૬ / એસએમએન / ૯૦ / ૨૦૦૬ / ૪૧૦ / પી., તા. ૨૦-૦૭-૨૦૦૬ થી આઠ નગરપાલિકા તથા ૨૭ ગામોનો સમાવેશ સુરત શહેરમાં કરવામાં આવેલ છે. તે અંગે મે. કલેક્ટર સાહેબે તેઓના પત્ર નંબર : (જે) બખ / તપસ / વશી / ૪૮૮૭ / ૦૬, તા. ૧૯-૧૦-૨૦૦૬ ના રોજથી આદેશ કર્યા મુજબ ચોર્યાસી તાલુકામાંથી ગામ નિકાલ

અંગેની પ્રાદેશિક ફેરફારની નોંધ રેવન્યૂ રેકર્ડમાં તા. ૨૨-૧૨-૨૦૦૬ ના રોજ એન્ટ્રી નંબર : ૪૪૮૭ થી કરવામાં આવેલ અને સદર વેસુ ગામ આખું સિટી તાલુકામાં દાખલ કરવા અંગેની નોંધ રેવન્યૂ રેકર્ડ એન્ટ્રી નંબર : ૪૪૮૮ થી તા. ૨૨-૧૨-૨૦૦૬ ના રોજથી કરવામાં આવેલ.

ત્યાર બાદ સદરહુ જમીન બાબતે શાંતાબેન તે સોમાભાઈ ગોવનભાઈની છોકરીએ સદરહુ જમીનના રેવન્યૂ રેકર્ડ પર દાખલ કરવામાં આવેલ નોંધ નંબર : ૧૫૦૦, તા. ૦૭-૦૯-૧૯૮૯ થી નારાજ થઈ મે. સુરતના નાયબ કલેક્ટરશ્રી ચોર્યાસી પ્રાન્ત સાહેબશ્રી રૂબરૂ અપીલ દાખલ કરેલ. સદરહુ કેસ ચાલે જતા છેવટ તા. ૧૫-૦૭-૧૯૯૩ ના રોજ મે. સુરતના નાયબ કલેક્ટરશ્રી ચોર્યાસી પ્રાન્ત સાહેબશ્રીએ મજકુર નોંધ નંબર : ૧૫૦૦, તા. ૦૭-૦૯-૧૯૮૯ ની રદ કરવાનો હુકમ કરેલ અને મજકુર શાંતાબેન સોમાભાઈનું નામ ફક્ત નીચે પરિશિષ્ટમાં જણાવેલ જમીનમાં દાખલ કરવાનો હુકમ કરેલ છે. જે અંગેની નોંધ ગામ નમૂના નંબર : ૬ યાને હક્ક પત્રકમાં એન્ટ્રી નંબર : ૫૭૭૯ થી તા. ૨૯-૧૨-૨૦૦૯ ના રોજ દાખલ કરવામાં આવેલ. જે એન્ટ્રી તા. ૧૦-૦૬-૨૦૧૦ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

સદરહુ જમીનના બીજા હક્કમાં મૂળ જમીન માલિકોના નામે રૂા. ૧૨૯૦/- ના બોજાની નોંધ છે તે બોજાની રકમ ભરપાઈ થતાં મે. મામલતદાર સાહેબ ચોર્યાસીનાએ તેઓના હુકમ નંબર : ટેનન્સી / ૪૧૭૮ / ૧૯૭૩, તા. ૧૧-૦૫-૧૯૭૩ થી આપેલ ૩૨ (એમ) ના સર્ટિફીકેટના આધારે બીજા હક્કમાંથી મૂળ જમીન માલિકોના નામે ચાલતા બોજાની નોંધ તેમજ જમીન માલિકોના નામો કમી કરવા અંગેની નોંધ ગામ નમૂના નંબર : ૬ યાને હક્ક પત્રકમાં એન્ટ્રી નંબર : ૬૪૨૮ થી તા. ૨૭-૦૪-૨૦૧૧ ના રોજ કરવામાં આવેલી છે. ત્યારથી સદરહુ જમીન જમનાબેન તે બાબરભાઈ ગોવનભાઈની વિધવા વિગેરેને ગણોત ધારાની કલમ - ૪૩ ને આધિન નવી શરત સત્તા પ્રકારે પ્રાપ્ત થયેલી છે.

સદરહુ જમીનનો સમાવેશ ટી. પી. સ્કીમ નંબર : ૭ (વેસુ - મગદલ્લા) માં થતાં તેને ઓરિજિનલ પ્લોટ નંબર : ૨૯ થી ૭૭૦૦-૦૦ સમ ચોરસ મીટર ક્ષેત્રફળવાળી તેમજ ફાઈનલ પ્લોટ નંબર : ૩૯ થી ૫૬૩૫-૦૦ સમ ચોરસ મીટર વાળી જમીન ફાળવી આપી છે.

સદરહુ જમીન સુડાની મંજૂર કરેલા પુનરાવર્તીત વિકાસ યોજનામાં રેસીડેન્સીયલ ઝોનમાં આવે છે.

સદરહુ સર્વે નંબર : ૩૩૬, ટી. પી. સ્કીમ નંબર : ૭ ના ફાઈનલ પ્લોટ નંબર : ૩૯ વાળી ૫૬૩૫-૦૦ સમ ચોરસ મીટર ક્ષેત્રફળવાળી જમીન ગણોત ધારાની કલમ - ૪૩ ને આધિન નવી શરતની જમીન હોવાથી સદરહુ જમીન મે. કલેક્ટર સાહેબ, સુરતનાએ કાયદા મુજબ પ્રિમિયમની રકમ વસૂલ કરી તેઓના તા. ૧૬-૦૧-૨૦૧૩ ના રોજના હુકમ નંબર : ગણત / રજી. નં. ૧૬૩ / ૧૧ / વશી / ૧૦૨૧૨ / ૧૨ થી હેતુફેર કરી રહેણાંકના હેતુ માટે જૂની શરતમાં તબદિલ કરવાની પરવાનગી આપેલ છે. જે અંગેની નોંધ ગામ નમૂના નંબર : ૬ યાને હક્ક પત્રકમાં એન્ટ્રી નંબર : ૭૦૩૨ થી તા. ૨૩-૦૧-૨૦૧૩ ના રોજથી કરવામાં આવી છે.

આમ, મોજે : વેસુના રી. સર્વે નંબર : ૩૩૬, ટી. પી. સ્કીમ નંબર : ૭ (વેસુ - મગદલ્લા) ના ઓરિજિનલ પ્લોટ નંબર : ૨૯ ના ફાઈનલ પ્લોટ નંબર : ૩૯ ની સુમારે ૫૬૩૫-૦૦ સમ ચોરસ મીટર ક્ષેત્રફળવાળી જમીન જૂની શરતની થયેલી છે. તેથી સદરહુ જમીન તબદિલ કરવા માટે ટેનન્સી કાયદાનો કોઈ બાધ નથી. મળેલ મંજૂરીને આધારે સદરહુ જમીનનો કનૈયાભાઇ માલાભાઇના લાભમાં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરવામાં આવેલો. જે વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબ-રજિસ્ટ્રાર સાહેબની કચેરીમાં ૧ નંબરની બુકમાં અનુક્રમ નંબર : ૧૬૭, તા. ૧૬-૦૨-૨૦૧૩ ના રોજ રજિસ્ટર્ડ થયેલો. જે અંગેની નોંધ સદરહુ જમીનના ગામ દફતરે એન્ટ્રી નંબર : ૭૦૫૪ થી કરવામાં આવેલી.

સદરહુ જમીનને બિનખેતીના હેતુ માટે ઉપયોગમાં લેવા માટે કલેકટરશ્રી સુરતને અરજી કરતા કલેકટરશ્રી સુરતે તેમના હુકમ ક્રમાંક : એ / બખપ / એસ. આર. નંબરઃ ૩૭૭/૨૦૧૩ / વશી. ૫૬૩૧ / ૧૩, તા. ૧૬-૧૨-૨૦૧૩ થી સદરહુ જમીનને બિનખેતીની પરવાનગી આપેલી છે.

સદરહુ જમીનમાં બાંધકામ કરવા અંગેના પ્લાનો સુરત મહાનગરપાલિકાએ તેમના હુકમ નંબર : ટી.ડી.ઓ. / ડી. પી. / નંબર : ૪૪૦, તા. ૧૩-૦૧-૨૦૧૪ થી મંજૂર કરેલ છે.

શાંતાબેન તે સોમાભાઈ ગોવનભાઈની છોકરીની હયાતીમાં તેમના વારસોનો કોઈ હકક, હીત, હીસ્સો લાગુ પડતો નથી અને તેમના વારસો પૈકીનાઓએ જાતે અગર કુલમુખત્યાર મારફતે શાંતાબેને કરેલો વેચાણ દસ્તાવેજ કબુલ રાખતા લખાણો કરી આપેલા છે. તેમ છતાં ખોટી હકીકતો જણાવી ખોટા કોર્ટ પ્રકરણો કરેલા છે, જે પેન્ડીંગ છે અને હજુ સુધી કોઇ મનાઇ હુકમ અગર તેવા કોઇ રીસ્ટ્રીકટીવ હુકમ થયા નથી. તેથી દાવા માત્રથી સદર જમીનના ટાઇટલ ડીફેકટીવ ગણી શકાય નહીં.

આમ સદરહુ જમીનના કનૈયાભાઈ માલાભાઈ સંપૂર્ણ માલિક, મુખત્યાર તથા કબજેદાર તરીકે ચાલી આવેલ છે અને તેઓના માલિકી અંગેના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ છે તથા સદરહુ જમીન પર કોઈ બોજા ચાલી આવેલ નથી તેવો આથી મારો અભિપ્રાય છે.

સદરહુ મિલકત અંગે અમોએ સર્ચ ફી ભરીને સબ રજિસ્ટ્રારશ્રીની કચેરીમાં સદરહુ જમીનો અંગેના છેલ્લા ૩૦ વર્ષનું દફતર તપાસ કરેલ છે. જેની સર્ચ ફી પહોંચ નંબર : ૨૦૧૪૦૧૮૦૦૮૪૧૮, તા. ૨૪-૦૨-૨૦૧૪ થી તથા પહોંચ નંબર : ૨૦૧૪૩૨૨૦૦૦૩૧૭, તા. ૨૪-૦૨-૨૦૧૪ થી ભરેલ છે.

સ્થળ : સુરત.
તા. ૨૪-૦૨-૨૦૧૪

(અલકેશ ગાંધી)
એડવોકેટ

ALKESH L. GANDHI ADVOCATE SURAT